નામદાર બીજા એડી. ચીફ જયુડી.મેજી. સાહેબની કોર્ટમાં, મુકામ ભાવનગર.

ફોજદારી કેસ નં.૮૭૬૧/૨૬
આંક :–

ફરિયાદી :– શ્રી સરકાર.

વિરુધ્ધ

આરોપીઓ :– (૧) જગદીશભાઈ હમીરભાઈ મેર
(૨) મુકેશભાઈ ગભાભાઈ મેર
(૩) જગાભાઈ માલાભાઈ મેર
(૪) મેહુલભાઈ દેવાભાઈ ચોહલા

**–:: હુકમ ::–**

(૧) ફરિયાદ પક્ષના આક્ષેપ મુજબ હાલના આરોપીએ **જુગારધારા કલમ૧૨** મુજબનો ગુન્હો કર્યાનો આક્ષેપ છે. આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયા બાદ તેઓને બી.એન.એસની કલમ ૨૩૦ અન્વયે કેસના કાગળોની નકલ આપ્યાની ખાતરી કર્યા બાદ તેમના સામે ઈન્સાફી કાર્યવાહી શરૂ થાય તે પહેલા આરોપીએ તેઓની સામે જે ગુનાનો આક્ષેપ છે તે તેઓને કબુલ છે તેવુ જણાવતા તેઓને જણાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને કાયદા મુજબ નિયમ કરેલ સજા થઈ શકે છે તેવી સમજ આપવામાં આવેલ તેમ છતાં તેઓ ગુન્હો કબુલ કરવા માંગે છે તેવું જણાવે છે. જેથી આરોપીની તેની સામેના ગુન્હા બાબતે સંજ્ઞા – સમજ આપી પ્લી આંક ........ નીચે રેકર્ડ કરવામાં આવી છે. તેમાં પણ આરોપીએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે.

(૨) આરોપીએ ગુન્હા કબુલાત કરી એવી મૌખિક રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુન્હો છે, તેમજ ગુન્હા બાબતે પસ્તાવો વ્યકત કરેલ છે અને ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો નહી કરે તેની ખાતરી આપેલ છે, અને દયા કરી ઓછી સજા કરવા અરજ કરેલી છે.

(૩) આરોપીની રજુઆતને લક્ષમાં લેતાં, **જુગારધારા કલમ૧૨** મુજબ શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જે સ્વીકૃત હકીકત છે. સબબ આરોપીની કોર્ટ સમક્ષની રજુઆત લક્ષમાં લેતાં, આરોપીનો પ્રથમ ગુન્હો હોય, આરોપીએ ગુન્હા સબબ પસ્તાવો પણ વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુન્હો નહી બને તેવી ખાતરી પણ આપતા હોય, કેસના સં જોગો, ગુન્હાનો પ્રકાર, ગુન્હાને લગતી સજાની જોગવાઈઓ અને આરોપી ધ્વારા કરવામાં આવેલ રજુઆતને લક્ષમાં લેતાં **પ્રત્યેક** આરોપીઓને રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપીને બી.એન.એસ.ની કલમ ૨૭૫ ની મુજબ જુગારધારા કલમ૧૨ ની જોગવાઈના ભંગ બદલ શિક્ષા પાત્ર ગુન્હાના કામે તકસીરવાન ઠરાવવાનો હુકમ કરવામાં આવે છે. પ્રત્યેક આરોપીને રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસ્સો પુરા) નો દંડ કરવામાં આવે છે. દંડ ન ભરે તો કસુર બદલ દિન ૦૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ગુન્હાના કામે મુદ્દામાલ અપીલ સમય વીત્યા બાદ રોકડ રકમ સરકાર ખાલસા કરવી અને વચગાળોનો હુકમ હોય તો કાયમ રાખવામાં આવે છે તથા બીજો મુદ્દામાલ નાશ કરવો.

આ હુકમ આજ તા. ૧૧ મી, માહે :જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ સહી કરી વાંચી સંભળાવી જાહેર કર્યો.

(એમ.ડી.બ્રહમભટ્ટ)
બીજા એડી.ચીફ જ્યુડી.મેજી.
ભાવનગર.
કોડ નં. જીજે ૦૧૦૦૮